# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર

આણંદ | નડિયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

શનિવાર ૬ જૂન, ૨૦૨૬




**રશિયામાં વર્ક પરમિટના બહાને આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરીનું કૌભાંડ**

# પેટલાદના એજન્ટની જાળમાં ૨૦ યુવક-યુવતીઓ ફસાયા

**વિદેશ વાંછુકોના** પાસપોર્ટ પડાવી ભુખ્યા તરસ્યા બંધક બનાવ્યાં

(પ્રતિનિધિ) આણંદ, તા. ૫

પેટલાદના સુદરા ગામના એજન્ટ અને રશિયન નાગરિકત્વ ધરાવતા રીમ્પલકુમાર અરવિંદભાઈ પટેલ તથા રશિયાના સ્થાનિક એજન્ટોએ ભેગા મળીને આણંદ જિલ્લાના નિર્દોષ નાગરિકોને વિદેશમાં ફસાવવાનું મોટું આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરી અને છેતરપિંડીનું આયોજિત કૌભાંડ આચર્યું હોવાની ચોંકાવનારી ફરિયાદ પેટલાદ રૂરલ પોલીસ મથકે નોંધાઈ છે.

આણંદના ભાલેજ રોડ પર રહેતા જમીન દલાલ શાકીરમીંયા સ રીફમીંયા મલેકે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની ૧૦ પાસ ભાણી તબસ્સુમબેનને વિદેશ જવાની ઈચ્છા હોવાથી ફેસબુક પર 'કીયાના ઈન્ટરનેશનલ' ની રશિયામાં ટેલર્સ (દરજી) ની ભરતી અંગેની જાહેરાત જોઈ હતી, જેમાં ૧,૩૦,૦૦૦ માસિક પગાર અને ફ્રી ફૂડ-રહેવાની લાલચ અપાઈ હતી. આ લાલચમાં આવીને શાકીરમીંયા અને તેમની ભાણી પેટલાદના સુંદરા ખાતે રીમ્પલ પટેલની ઓફિસે ગયા હતા, જ્યાં એજન્ટે વ્યક્તિદીઠ ૨,૧૦,૦૦૦ ખર્ચ નક્કી કર્યો હતો.અને વિદેશ વાંછુક તબસ્સુમ પાસેથી પાસપોર્ટ આધારકાર્ડ સહિતના દસ્તાવેજો મેળવી નોટરાઝડ એગ્રીમેન્ટ બનાવ્યો હતો.. ગત ૨૯ એપ્રિલે તબસ્સુમબેન સહિત આણંદ, વડોદરા, નવસારી અને ભરૂચના કુલ ૨૦ લોકોનું ગ્રુપ રશિયાના મોસ્કો રીજીયન ખાતે જવા રવાના થયું હતું.

રશિયા પહોંચતા જ રશિયન એજન્ટોએ તમામ ૨૦ ભારતીય નાગરિકોના પાસપોર્ટ અને ઈમિગ્રેશન સ્લિપ બળજબરીથી પડાવી લીધા હતા. ઓફર લેટર મુજબ સીવણકામના બદલે જાડા જેકેટ સીવવાનું અઘરું કામ અપાતા યુવતીઓને તે ફાવ્યું ન હતું, જેથી સંચાલકોએ 'તમને કામ નથી આવડતું' તેમ કહી નોકરીમાંથી કાઢી મૂક્યા હતા અને બેંક ખાતા ખોલવાની ના પાડી દીધી હતી. એટલું જ નહીં, એજન્ટ રીમ્પલ પટેલના ઈશારે આ તમામ ભોગ બનનારાઓનું ચા-પાણી અને જમવાનું સદંતર બંધ કરી દઈ અમાનવીય ત્રાસ ગુજારવામાં આવી રહ્યો છે.

ભોગ બનનારે જ્યારે ભારત પરત જવાની આજીજી કરી ત્યારે રશિયન એજન્ટોએ સંચાલકોએ જણાવ્યું કે, 'રીમ્પલ પટેલે તમને લોકોને અમને વેચી દીધા છે, જો ભારત જવું હોય તો વ્યક્તિદીઠ ૫૦૦ યુ.એસ. ડોલર આપો'. આ તરફ ભારતમાં શાકીરમીંયાએ રીમ્પલ પટેલનો સંપર્ક કરતા તેણે ધમકી આપી હતી કે જો બાકીના પૈસા નહીં આપો તો ભાણીને ખોટા કેસમાં ફસાવી દઈશ અને ગેરંટી તરીકે આપેલો ૨.૧૦ લાખનો ચેક બાઉન્સ કરાવી પોલીસ કેસ કરીશ. ડરી ગયેલા શાકીરમીંયાએ ભાણીનો જીવ બચાવવા ઓનલાઈન ૧,૦૦,૦૦૦ ટ્રાન્સફર પણ કર્યા હતા.

**બંધકોને ભારતના વિદેશ મંત્રાલયના માધ્યમથી દેશમાં પરત લાવવાની તજવીજ હાથ ધરાઈ**

રશિયા ખાતે ટેલરીંગની જોબ માટે ૨૦ વ્યક્તિઓના ગ્રૂપને મોકલી આપીને કુલ ૨૧ લાખની ઠગાઈ કરનાર સુંદરાની રીમ્પલ પટેલને ગઈકાલે જ પોલીસે ફરિયાદ દાખલ થતાની સાથે જ રાઉન્ડ અપ કરી. લીધી હતી અને તેણીની પુછપરછ હાથ ધરી છે. બીજી તરફ રશિયામાં ફસાયેલા ૨૦ વ્યક્તિઓના ગ્રુપને ભારતના વિદેશ મંત્રાલયના માધ્યમથી ભારત પરત લાવવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

**અગાઉ પણ સુરત અને અંકલેશ્વરના ૬થી વધુ યુવકો સાથે છેતરપિંડી કરાઈ હતી**

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ એજન્ટે અગાઉ પણ સુરત અને અંકલેશ્વરના ૬થી વધુ યુવકો સાથે આ જ પ્રકારે છેતરપિંડી કરી હતી, જેઓ પોતાનું બધું જ ગુમાવીને માંડ જીવ બચાવી ભારત પરત આવ્યા હતા. હાલમાં આ તમામ ૨૦ ભારતીય નાગરિકો રશિયામાં અત્યંત દયનીય પરિસ્થિતિમાં બંધક છે અને તેમના પરિવારો ચિંતાતુર છે. તે સ્થિતિમાં એલ.સી.બી. આણંદ પોલીસે એન્જટ રીમ્પલ પટેલ સહિત ગુનાહિત કૃત્યમાં સંડોવણી ધરાવતા રશીયન એજન્ટો સામે આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરીના નેટવર્ક અંગે ગુનો નોધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

---

**કરોડોની જમીનના બોગસ દસ્તાવેજમાં ખોટા જીપીએસ અને ફોટોગ્રાફ્સ રજૂ કર્યાનો ગંભીર આક્ષેપ**

# મહીજના જમીન કૌભાંડ મામલે ફરિયાદ

**કોર્ટ કેસ અને અપીલ** ચાલુ હોવા છતાં સબ રજીસ્ટ્રાર કચેરીએ દસ્તાવેજ કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૫

ખેડા તાલુકાના મહીજ ગામમાં આવેલી કરોડો રૂપિયાની કીમતી જમીન અંગે કોર્ટમાં કેસ ચાલતો હોવા છતાં ગેરકાયદેસર રીતે દસ્તાવેજ નોંધણી કરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે ખેડા પ્રાંત અધિકારીને લેખિત ફરિયાદ કરીને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી અને સીસીટીવી ફૂટેજ જપ્ત કરવાની માંગ ઉઠી છે. જો ન્યાય નહીં મળે તો મુખ્યમંત્રી સમક્ષ ઉપવાસ આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ખેડા તાલુકાના મહીજ ગામની ખાતા નંબર ૧૩૫ અને સર્વે બ્લોક નંબર ૫૨૬ની જૂની શરતની ખેતી લાયક જમીન બાબતે વર્ષ ૨૦૨૪ થી તકરારી કાર્યવાહી ચાલી રહી છે અને આ અંગે વિવિધ કોર્ટમાં કેસો પણ પેન્ડિંગ છે. હક્ક પત્રકમાં સ્પષ્ટ નોંધ છે કે સંબંધીત કોર્ટ કેસનો આખરી નિર્ણય બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે તેમ છતાં ખેડા મામલતદાર કચેરી ખાતે ગત તારીખ ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ આ જમીન અંગે ફેરફાર નોંધ તકરારી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ આખી વિવાદિત પ્રક્રિયા દરમિયાન તારીખ ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ આ જમીનનો વેચાણ દસ્તાવેજ નંબર ૬૧૨/૨૦૨૬ થી નોંધવામાં આવ્યો છે. કાયદાકીય જોગવાઈઓ વિરૂદ્ધ તેમજ હક્ક પત્રકમાં થયેલી તકરારી નોંધની અવગણના કરીને આ વિવાદાસ્પદ ફેરફાર એન્ટ્રીઓ પાડવામાં આવી હોવાનો આક્ષેપ



કરાયો છે અને કોર્ટ કાર્યવાહીની ગંભીરતાને ધ્યાને લીધા વિના જ આ કામગીરી કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ અંગેની અપીલ તારીખ ૦૭/૦૩/૨૦૨૬ના રોજ પ્રાંત કચેરીમાં દાખલ કરવામાં આવી હતી અને આ અપીલ હજુ પણ વિચારાધીન તેમજ પેન્ડિંગ છે છતાં સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે રાહુલભાઈ રમેશભાઈ પરમાર દ્વારા સંબંધીત દસ્તાવેજોની નોંધણી કરવામાં આવી હોવાનું નડીઆદના સામાજીક કાર્યકર્તાએ પ્રાંત અધિકારી સુરજ ગૌતમકુમાર બારોટને આપેલી અરજીમાં જણાવ્યું છે. જ્યારે પ્રાંત કક્ષાએ અપીલ ચાલુ હોય ત્યારે દસ્તાવેજની નોંધણી કરવી તે વહીવટી પ્રક્રિયાના મૂળભૂત સિદ્ધાંતોથી વિરૂદ્ધ છે. આ ઉપરાંત નોંધાયેલા દસ્તાવેજમાં દર્શાવવામાં આવેલા જીપીએસ લોકેશન અને ફોટોગ્રાફ્સ અંગે પણ ગંભીર શંકાઓ ઉભી થઈ છે કારણ કે જે જમીનના ફોટોગ્રાફ્સ આપવામાં આવ્યા છે તે વાસ્તવિક સર્વે નંબર 526 ની જમીનના ન હોવાનું જણાતા સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે. રજૂ કરાયેલા જીપીએસ લોકેશન તથા ફોટોગ્રાફ્સ અન્ય કોઈ સર્વે નંબરની જમીનના હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવી રહ્યું છે જે સરકારી રેકોર્ડમાં ખોટી માહિતી રજૂ કરવા સમાન ગુનો બને છે.

આ સમગ્ર પ્રક્રિયામાં મામલતદાર તથા સબ રજીસ્ટ્રાર દ્વારા કાયદાકીય જોગવાઈઓ અને હક્ક પત્રકમાં નોંધાયેલી શરતોની અવગણના કરવામાં આવી હોવાનું સ્પષ્ટ થાય છે જેના પરિણામે આ આખી કાર્યવાહી શંકાસ્પદ બની છે. તેમાં મોટા પાયે ગેરરીતિ અથવા ભ્રષ્ટાચાર થયો હોવાની વાજબી શંકાઓ ઉપજી રહી છે જેના કારણે ઉચ્ચ કક્ષાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરાવવાની માંગ કરાઈ છે. અરજદાર દ્વારા સબ રજીસ્ટ્રારની કામગીરીની વિભાગીય તપાસ કરવા તેમજ દસ્તાવેજ નોંધણીના દિવસના અને તે અગાઉના 2 થી 4 દિવસના મામલતદાર કચેરી અને સબ રજીસ્ટ્રાર કચેરીના સીસીટીવી ફૂટેજ તાત્કાલિક કબજે કરવા અને સંબંધીત અધિકારીઓના મોબાઈલ કોલ ડિટેઈલ રેકોર્ડની તપાસ કરવા માંગ કરાઈ છે. જો આ અરજી અંગે સમયસર યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલનાત્મક પગલાં ભરવાની ચીમકી અપાઈ છે.

---

**વિનાશક અસરોથી ગામને બચાવવા ગ્રામસભામાં હજારો લોકો જોડાયા**

# સારસામાં ઈથેનોલ પ્રોજેક્ટ સામે પ્રચંડ જનઆક્રોશ ભભૂકી ઉઠ્યો

**બજારો, વેપાર-ધંધા** સંપૂર્ણપણે ઠપ્પ રાખીને ગ્રામજનોએ એકસૂરે આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો





(પ્રતિનિધિ) આણંદ તા ૫

આણંદ જિલ્લાના સારસા ગામમાં ઈથેનોલ ફેક્ટરી શરૂ કરવા સામે સમગ્ર પંથકમાં ભભૂકી ઉઠેલો જનઆક્રોશ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ફેક્ટરીના કારણે ભવિષ્યમાં સર્જાનારી વિનાશક અસરોથી ગામને બચાવવા માટે શુક્રવારે આખું સારસા ગામ સ્વયંભૂ અને સજ્જડ બંધ રહ્યું હતું. બજારો, વેપાર-ધંધા સંપૂર્ણપણે ઠપ્પ રાખીને ગ્રામજનોએ એકસૂરે આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો હતો .

મળતી માહિતી મુજબ શુક્રવારે સવારે ૧૧:૦૦ વાગ્યે કૈવલવાડી ખાતે આયોજિત વિશેષ ગ્રામસભામાં મોટી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો ઉમટ્યા હતા, ગ્રામસભામાં સંતો અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં ફેક્ટરીને કોઈ પણ ભોગે ન આવવા દેવાનો મક્કમ સંકલ્પ લેવાયો હતો. સારસા ગામમાં ગ્રામસભાનું આયોજન પૂજ્ય સંત શ્રી અવિચલ દાસજી મહારાજ, આણંદના સાંસદ મિતેશભાઈ પટેલ, માજી ધારાસભ્ય જયંતભાઈ બોસ્કી સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં કરાયું હતું. મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતો, યુવાનો, વડીલો અને મહિલાઓ ઉપસ્થિતિ જોવા મળી હતી.

ઈથેનોલ ફેક્ટરીથી પર્યાવરણ, ખેતી અને માનવ સ્વાસ્થ્ય પર થનારા સંભવિત ખતરા અંગે ચર્ચા કરવા માટે બોલાવવામાં આવેલી આ વિશેષ ગ્રામસભા ઈથેનોલ ફેક્ટરી શરૂ નહીં કરવા અંગે મક્કમ નિર્ણય લીધો હતો. સભામાં પૂજ્ય સંત શ્રી અવિચલ દાસજી મહારાજે ગ્રામજનોની લડતને આશીર્વાદ આપ્યા હતા. આણંદના સાંસદ મિતેશભાઈ પટેલ અને પૂર્વ ધારાસભ્ય જયંતભાઈ બોસ્કીએ પણ સમર્થન આપીને આ પર્યાવરણવિરોધી પ્રોજેક્ટ સામે ગ્રામજનોની પડખે ઊભા રહેવાની ખાતરી આપી હતી. સભામાં ઉપસ્થિત હજારો મહિલાઓ અને યુવાનોના ચહેરા પર પોતાના અસ્તિત્વને બચાવવાનો આક્રોશ સ્પષ્ટ દેખાતો હતો.

સારસા ગ્રામ પંચાયત અને ગ્રામજનો કાનૂની અને બંધારણીય માર્ગે જઈને પોતાના પર્યાવરણને બચાવવા છેક સુધી લડવા મક્કમ છે . ગ્રામસભામાં એકસૂરે ઠરાવ પસાર કરવાની દિશામાં મક્કમતા દર્શાવાઈ હતી સારસા ગામનો આ સ્વયંભૂ સજ્જડ બંધ અને ગ્રામસભામાં ઉમટેલ હજારો લોકોની ઉપસ્થિતિમાં લડત આરપારની બની ચૂકી છે. વહીવટી તંત્ર અને ફેક્ટરીના માલિકોએ જનતાના આ પ્રચંડ આક્રોશને ગંભીરતાથી લેવો જ પડશે, નહીં તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બને તેવી પૂરેપૂરી શક્યતા છે.

**ભૂગર્ભજળના તળ ઊંડા જવાની સ્થિતિ સાથે પાણીની સમસ્યાની ભિતિ**

આ ફેક્ટરી કાર્યરત થતાં દરરોજ લાખો લિટર ભૂગર્ભજળ (Groundwater) ખેંચવામાં આવશે.જેના કારણે પાણીના તળ અત્યંત ઊંડા જશે. તદુપરાંત સમગ્ર સારસા પંથકમાં પીવાના પાણીની અને ખેતી માટેના સિંચાઈના પાણીની અછત સર્જાશે. ઇથેનોલ ઉત્પાદન પ્રક્રિયામાં અતિશય માત્રામાં પાણીનો વપરાશ થાય છે. ગ્રામસભામાં ખેડૂતોએ ચિંતા વ્યક્ત કરી હતી કે જો આ પ્લાન્ટ ચાલુ થશે, તો થોડા જ વર્ષોમાં આખો વિસ્તાર પાણી વિના ટળવળશે. જે કુવા અને બોરવેલ અત્યારે પાણી આપે છે તે સૂકાભઠ્ઠ થઈ જશે, જેના કારણે પશુપાલન અને ખેતી બંને ભાંગી પડશે.

**વિવાદિત પ્રોજેક્ટની જમીન અને સ્થાપન વિગતો ફેક્ટરીનું સ્થળ સ્થિતિ**

» સિટી સર્વે નંબર: NA-1383/1 રે બ્લોક સર્વે નંબર: 1365 + 1369 + 1370/1

» વિગત: આ નિર્ધારિત ખેતીલાયક અને રહેણાંકની નજીક આવેલી જમીન પર જ કેમિકલયુક્ત અનાજ ઇથેનોલ પ્લાન્ટ નાખવાનું આયોજન છે, જેનો સ્થાનિકો દ્વારા સખત વિરોધ થઈ રહ્યો છે.

» ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે આ સર્વે નંબરો પર પ્લાન્ટ શરૂ થવાથી તેની સીધી અસર ગામના પાયાના સંસાધનો પર પડશે. ફળદ્રુપ જમીનની વચ્ચે આવા પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગને મંજૂરી આપવા સામે લોકોમાં ભારે રોષ છે.

---

**માત્ર ૧૫૦૦ કિલો મકાઈ અને ૨૦૦૦ કિલો બાજરી ખરીદ કરવાનો નિર્ણય**

# ચરોતરમાં ખેત પેદાશોની ખરીદી મર્યાદાથી ખેડૂતોની કફોડી હાલત

**બાજરી અને મકાઈની** ખરીદી કરવા માટેના નિર્ણયમાં ફેરફાર કરવા માંગ

(પ્રતિનિધિ) આણંદ તા ૫

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવતા બાજરી તેમજ મકાઈની ખરીદી કરવાના જથ્થામાં તાજેતરમાં કરાયેલા ફેરફારને કારણે અનેક ખેડુતોની હાલત કફોડી બની પામી છે. સરકારે કરેલા નવા નિર્ણય મુજબ ખેડૂત દીઠ હવે માત્ર ૧૫૦૦ કિલો મકાઈ અને ૨૦૦૦ કિલો બાજરી ખરીદ કરવાનો નિર્ણય થતાં ખેડૂતો મૂંઝવણમાં મુકાયા છે.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરી ટેકાના ભાવના ખરીદ કેન્દ્રો શરૂ કર્યા હતા જેમાં ખેડૂતો પાસે રજીસ્ટ્રેશન કરાવાયું હતું. ત્યારબાદ તેની ખરીદી શરૂ કરાઈ છે. ખરીદ કેન્દ્ર પરના કર્મચારીઓએ રાજ્ય સરકારે તાજેતરમાં બહાર પાડેલા નવા પરિપત્ર મુજબ ખેડૂત દીઠ મકાઈમાં માત્ર ૧૫૦૦ કિલો અને બાજરીમાં માત્ર ૨૦૦૦ કિલો ખરીદી કરવાનો ઠરાવ થયો હોવાના કારણે ખેડૂતોની મૂંઝવણમાં વધારો થયો છે. ખેડૂતો પાસેથી અગાઉ હેકટર દીઠ મકાઈ માટે ૨૮૧૧ કિલોની મર્યાદા અને બાજરીમાં ૨૭૯૫ કિલો મર્યાદા નક્કી કરવામાં આવી હતી. તે પ્રમાણે ખેડૂતો વેચાણ અર્થે નિર્ધારિત સ્થળે પહોંચી ગયા હતા. પરંતુ નવા ઠરાવે ખેડૂતોની મૂંઝવણમાં વધારો કર્યો છે . જેથી ખેડૂતો સરકાર પર ભારે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. આ અંગે ખેડુતોએ રોષ વ્યક્ત કરી જણાવ્યું હતું કે એક તરફ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના હેતુથી ટેકાના ભાવે ખેત પાકોનું ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા જેમાં ખેડૂતોએ રજીસ્ટ્રેશન પણ કરાવ્યા હતા . જેની ખરીદીનો પ્રારંભ થયો હતો. ત્યારે સરકારે નવો ઠરાવ જાહેર કરતા ખેડૂતો મૂંઝવણમાં મુકાયા છે. ખેડૂતોએ ભાડાના ટ્રેક્ટરમાં પોતાના બાજરી અને મકાઈનો પાક લઈ ખરીદી કેન્દ્ર પર પહોંચી ગયા હતા પરંતુ નવા ઠરાવ પ્રમાણે ખરીદ કરવાની વાત આવતા ખેડૂતો રોષે ભરાયા હતા.જેથી આ નવા નિર્ણય પર ફેરવિચારણા કરવા માંગ કરવામાં આવી છે.

---

# કન્યા કેળવણી મહોત્સવ યોજવા માટે તૈયારીઓ શરૂ

**પદાધિકારી અને** અધિકારીઓ માટે શાળાઓની ફરજિયાત મુલાકાત

(પ્રતિનિધિ) આણંદ તા ૫

શિક્ષણ વિભાગ દ્વારા વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬મા શહેર અને ગ્રામ્ય વિસ્તારની સંયુક્ત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ જૂન-૨૦૨૫ દરમિયાન આણંદ સહિત સમગ્ર રાજ્યમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બાલવાટિકા, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઉપરાંત જ્ઞાન શક્તિ અને રક્ષાશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલોને પણ આ વર્ષે આવરી લેવામાં આવી છે.

કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા એક પ્રાથમિક શાળા અને બે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મુલાકાત લેવા મંજૂરી આપવામાં આવી છે. પ્રવેશોત્સવમાં ભાગ લેનાર તમામ પદાધિકારી અને અધિકારીઓએ દરરોજ ફાળવાયેલ શાળાઓની ફરજિયાત મુલાકાત માટે કહેવામાં આવ્યું છે.ધોરણ-૧ થી ૧૦ના વર્ષ ૨૦૨૪-૨૫ માં અભ્યાસ કરતા અને ૨૦૨૫-૨૬માં ડ્રોપ-આઉટ થયેલ બાળકોને પુનઃપ્રવેશ સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી છે. આ સાથે બાલવાટિકાથી ધોરણ-૧,ધોરણ-૫ થી ૬, ધોરણ-૮ થી ૯ ના સંક્રમણ તબક્કામાં પ્રવેશ ન ગુમાવે તે માટે ખાસ કાળજી લેવા માટે પણ આદેશ કરવામાં આવ્યો છે. આંગણવાડી, બાલવાટિકા, ધોરણ-૧ તેમજ ધોરણ-૯ માં નવા પ્રવેશ માટે સર્વે મુજબ તમામ બાળકોને પ્રવેશ મળે તે સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. હાલ તો હવે વેકેશન ખુલવાની આડે માત્ર બે દિવસ બાકી રહ્યા છે ત્યારે ચોમાસાની સાથે પ્રવેશોત્સવની પણ તૈયારીઓ શરૂ થઈ જશે.

---

# નડિયાદમાં રાજ્યનું પ્રથમ 'પત્રકાર વન', ૨૧૧ રોપાઓનું વાવેતર

**વિશ્વ પર્યાવરણ દિવસ** અંતર્ગત ખાસ આયોજન કરાયું

(પ્રતિનિધિ) નડીયાદ તા ૫

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે નડિયાદ ખાતે રાજ્યનું સૌપ્રથમ પત્રકાર વન આકાર પામ્યું છે. ખેડા જિલ્લા માહિતી કચેરી અને વન વિભાગના સહયોગથી માહિતી ભવનના પટાંગણમાં મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં પત્રકારોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ બચાવવાનો



સકારાત્મક સંદેશો પાઠવ્યો હતો.

લોકશાહીના ચોથા સ્તંભ સમાન પત્રકારત્વ સાથે સંકળાયેલા મીડિયાકર્મીઓના સામાજિક દાયિત્વને બિરદાવવા અને પર્યાવરણ જાગૃતિ લાવવાના હેતુથી આ રાજ્યના પ્રથમ પત્રકાર વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જિલ્લાના અગ્રણી પત્રકારોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈને પોતાના હાથે રોપાઓ




વાવીને હરિયાળી ક્રાંતિનો સંકલ્પ લીધો હતો. જિલ્લા અને રાજ્યના અધિકારીઓ અને પદાધિકારીઓએ પત્રકારોએ વૃક્ષારોપણની કામગીરીમાં સાથ આપ્યો હતો.

ભવિષ્યમાં પણ આ વનની યોગ્ય જાળવણી અને માવજત થાય તે માટે તંત્ર દ્વારા વિશેષ આયોજન ગોઠવી દેવામાં આવ્યું છે. પત્રકારો અને તંત્રના આ સંયુક્ત પ્રયાસથી ખેડા જિલ્લાના નાગરિકોને પણ હરિયાળું વાતાવરણ ઉભું કરવાની નવી પ્રેરણા મળી છે. આ નવતર પહેલ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રકૃતિ અને પત્રકારત્વને જોડવાનો છે. માહિતી વિભાગના નાયબ નિયામક માનસી દેસાઈ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં એવો વિચાર રજૂ કરાયો હતો કે જેવી રીતે પ્રકૃતિ લોકોને શુદ્ધ હવા પૂરી પાડે છે તેવી જ રીતે પત્રકારત્વ સમાજને શુદ્ધ વિચારો આપે છે. પત્રકારોની કલમની તાકાતને સન્માનવા માટે જ તેમને સીધા પ્રકૃતિ સાથે સાંકળવામાં આવ્યા છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225